# આગામી દિવસોમાં આંધી-ગાજવીજ સાથે વરસાદ થશે : ગરમીમાં રાહત મળશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૨૬

વાતાવરણમાં બે દિવસથી ગરમીનું પ્રમાણ તેની ઉચ્ચ સપાટીએ પહોંચી રહ્યું છે અને નગરજનો ત્રાહિમામ પોકારી રહ્યા છે ત્યારે ગાંધીનગરના જાણીતા જયોતિષી અંબાલાલ પટેલના મતે ચારેક દિવસમાં દિલ્હી રાજસ્થાન વિગેરે ભાગોમાં આંધી-ગાજવીજ સાથે વરસાદની વકી સાથે સૂર્યના રોહીણી નક્ષત્રમાં પ્રવેશથી વરસાદની શકયતા જણાય છે.

હજુ નિયમિત ચોમાસાના ચિહ્નો જણાતા નથી છતાં તે પૂર્વેનો વરસાદ આંધી, વંટોળ સાથે આવવાની વકી રહે. તારીખ ૨૫મી મે સૂર્ય રોહિણી નક્ષત્રમાં આવે છે. રોહીણી નક્ષત્ર એ ચોમાસાના આરંભનું નક્ષત્ર હોઈ તેમાં ભેજ વધારનારા આંધી, વંટોળ થાય તો સારું. રોહીણી બેસતાં ગાજે તો વરસ નબળું આવે. રોહીણી બેસતાં કોરે આભે વિજળી ઝબકે તો પવન ફુંકાય. ઉતરતી રોહીણી વરસે તો વરસાદ સારો થાય. જે વર્ષમાં રોહીણી બેઠા પછી પાંચ સાત દીવસ ટપીનેપછી વરસે તો દાઝી ગણાય તે ચિહ્નો પણ સારાં ગણાય. જે વર્ષમાં રોહીણી નક્ષત્ર વરસે તે વર્ષમાં ચોમાસાના બધા નક્ષત્રો થોડા ઘણા પણ વરસે.

મેની તારીખ ૨૫થી રોહીણી નક્ષત્રમાં સૂર્ય આવે છે. ગ્રહોના નાડી નક્ષત્રના યોગો જોતાં તેમજ ભૂ ભૌગોલિક બાબતોના આધારે પણ જોતા મેની તારીખ ૨૫ થી ૨૮ દિલ્હીથી રાજસ્થાનથી કચ્છ સુધીના ભાગોમાં આંધી આવવાની વકી રહે અને કેટલાક ભાગોમાં વરસાદ થવાની વકી રહે. ગુજરાત-સૌરાષ્ટ્ર અરબસાગરમાં વરસાદી વાદળો જણાય. તારીખ ૨૫મેથી ૨૮ મે માં પવન ફુંકાય અને વાદળો આવે. કેરળ કાંઠે ચોમાસું આગામી થોડાક જ દિવસોમાં બેસે. તા. ૨૮મી મે ની રાત્રિ સુધીમાં કેરળ કાંઠે ચોમાસું પહોંચી જાય અને તા. ૩૧મી મે સુધીમાં ભારે પવન સાથે વરસાદ વરસાવે. દક્ષિણ પંથી ભારતમાં જુનમાં ભારે વરસાદની વકી રહે. તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં ચક્રવાતી પવનો સાથે વરસાદ થવાની વકી રહે. સાગરકાંઠે ભારેથી અતિ ભારે વરસાદ થવાની વકી રહે. ભૂ-ભૌગોલિક તેમજ અન્ય આધારે જોતા ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં તા. ૨૯મી મે થી તા. ૭મી જુન દરમિયાન આંધી અને ગાજવીજ સાથે વરસાદ થવાની વકી રહે. પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને ઉત્તર ગુજરાતના ભાગોમાં રોહીણી નક્ષત્રનો વરસાદ થવાની વકી રહે. સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં રોહીણી રેલે. મહારાષ્ટ્રના ભાગો સુધી ચોમાસાના ચિહ્નો જણાય. મધ્ય દક્ષિણ ગુજરાતનું પણ હવામાન પલટાય. અલનીનોની અસરની ધાસ્તી હોવા છતાં હજુ દેશમાં ઈષ્ટ ગરમી પડી રહી છે જે ચોમાસું વરસાદને પોષક જણાય છે.

નિરનિરંતર ચોમાસાના લક્ષણો જોતા હજુ નિયમિત ચોમાસું બેસવાના લક્ષણો હવા, પવન, વૃક્ષો, પક્ષી, જીવજંતુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને વાદળો વિગેરેની દાર્શનિક સ્થિતિ જોતાં નિયમિત ચોમાસાના લક્ષણો જણાતા નથી ઈષ્ટ ગરમી પડી રહી છે પરંતુ ગંગા-જમનાના મેદાનો બરાબર તપે તે પછી ચોમાસું વરસાદી દબાણો ઉભા થાય, હજુ આકાશમાં સૂર્ય ચંદ્રના પરિવેશ જણાતાં નથી. સમડીઓ આકાશમાં ચકકર લેતી જોવા મળતી નથી. કીડીઓની લંગાર ઈંડા સાથે આવતી જણાતી નથી. જળ યોનિના જીવોની ગતિવિધિ જણાતી નથી, પીવાના પાણી ઉપર પણ ચોમાસાની અસરો જણાતી નથી. વળી સવારે જે ગોરમડી (સવારે ડુંમ વાળા વાદળો આવી બપોર પછી અલોપ થઈ જાય) -ડુંમવાળા વાદળો થયા નથી એટલે સાગર તરફથી જથ્થાબંધ વરાળ આવતી જણાતાં હજુ નિયમિત ચોમાસાને વાર હોય તેવું જણાય છે. આગામી દિવસોમાં આંધી વંટોળના વરસાદથી ગરમીમાં થોડી રાહત થાય અને વચ્ચે વચ્ચે મહત્તમ ઉષ્ણતામાનમાં ઘટાડો જણાય.

# ડેપોમાંથી ખિસ્સાકાતરું રંગેહાથ પકડાયો ને પોલીસને ચકમો આપી ભાગી પણ ગયો

## પોલીસ સ્ટેશનમાંથી પોલીસની નજર ચૂકવીને ફરાર થઈ ગયો : બીજો સાગરીત પાકીટમાંથી રૂપિયા નીકાળીને ભાગી જવામાં સફળ રહ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર એસ.ટી ડેપોમાં ખિસ્સા કપાવવાના કિસ્સાઓ હવે તો સાવ સામાન્ય થઈ ગયા હોય તેમ લાગે છે. દર બે-ચાર દિવસે કોઈને કોઈ મુસાફર ખિસ્સા કાતરુઓનો ભોગ બન્યું હોય છે. હવે તો જાણે પોલીસને પણ આવા કેસો લેવામાં રસ રહ્યો નથી. ઘણી વાર તો ડેપોના સ્ટાફે આવી ટોળકીઓ પકડીને પોલીસને સોંપી હોવાના દાખલા છે પરંતુ પોતાના રૂપિયા અને પાકીટ મળી જતા ભોગ બનનાર મુસાફરો પણ ફરિયાદ કરવાની તસ્દી ન લેતા આ શખ્સોને છોડી મુકવામાં આવે છે. જેને કારણે આ ટોળકીઓ વધુ બેફામ બની છે. આજે વધુ બે મુસાફર ખિસ્સા કાતરુંનો ભોગ બન્યા હતા. તે પૈકી એકના ખિસ્સામાં હાથ નાંખતી વખતે જ એક શખ્સ રંગેહાથ ઝડપાઈ ગયો હતો પરંતુ પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી દરમિયાન પોલીસની જ નજર ચૂકવીને પકડાયેલો આ શખ્સ આંખના પલકારામાં રફૂચક્કર થઈ ગયો હતો. જયારે તેનો સાગરીત પણ રૂપિયા લઈને ભાગી જવામાં સફળ રહ્યો હતો.

ગાંધીનગર એસ.ટી ડેપોમાં આજે બપોરના અરસામાં બસમાં ચડતી વખતે ધક્કામુક્કી કરીને મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ સરકાવી લેતો શખ્સ ઝડપાઈ ગયો હતો. એક મુસાફરના ખિસ્સામાં હાથ નાંખ્યો અને તે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. તેને બે મુસાફરોના પાકીટ આજે માર્યા હોવાનું -નથમિક તબક્કે જાણવા મળ્યું હતું. આ શખ્સ પાસેથી પાકીટ મળી આવ્યું છે પરંતુ તેમાં પડેલા ૩ હજાર રૂપિયા ને બદલે હાલ રૂ.૭૦૦ જ પડ્યા હતા. તેનો બીજો સાગરીત રૂપિયા લઈને ભાગી ગયો હોવાની કેફિયત તેને આપી હતી. એસ.ટી ડેપોમાં પોલીસ બોલાવવામાં આવી હતી. સે.૭ પોલીસ ખિસ્સાકાતરુંને લઈને પોલીસ સ્ટેશન ગઈ હતી. ત્યાં પોલીસ બીજી કામગીરીમાં વ્યસ્ત હોવાથી આરોપી પર ધ્યાન આપતી ન હતી. ફરિયાદ આપવા ગયેલા એ મુસાફરો આરોપી સંભાળીને બેઠા હતા. બંને મુસાફરો પાણી પીવા બહાર ગયા અને પરત ફર્યા ત્યાં સુધીમાં આરોપી પોલીસને ચકમો આપીને ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ડેપોમાં ખિસ્સાકાતરું ની આખી ગેંગ ફરતી હોવાની શકયતા છે. ડેપોમાં સી.સી.ટી.વી કેમેરા લગાડવામાં આવ્યા હોવા છતાં આ ગુનાઓનો અંત આવતો નથી.






**કૃષિ રથનું સ્વાગત**

રાજયના ખેડૂતો ખેતી કરી મબલખ પાક મેળવી પગભર થાય તેની માહિતી પુરી પાડતો કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. આજે આ કૃષિ રથ ચિલોડા મોટા ખાતે આવી પહોંચ્યો હતો. આ કૃષિરથનું ગામની બાળાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોને કૃષિ સાથે સંકળાયેલા અધિકારીઓએ માહિતી પુરી પાડી હતી. ખેડૂતોને મલબખ પાક મેળવવા માટે ટપક પધ્ધતિ, સારું બિયારણ અને સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકાના અધિકારીઓ ગામના ખેડૂતો તેમજ રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# મોદીના બંદોબસ્તમાંથી રાહત મળતા હવે પોલીસને અનડિટેકટ ગુનાઓ ઉકેલવા સમય મળશે

## ગાંધીનગર પોલીસ હવે ગુનાનું ડિટેક્શન ન થાય તો બંદોબસ્તનું બહાનું નહિ નીકાળી શકે

ગાંધીનગર, તા. ૨૬

ગુનાખોરી ડામવા કે તેને નિયંત્રિત કરવા માટે ગુનાનું ડિટેક્શન ખુબ જ જરૂરી છે. પરંતુ ગાંધીનગર જીલ્લા પોલીસ ઝેડ પ્લસ સુરક્ષા ધરાવતા નરેન્દ્ર મોદીના બંદોબસ્તમાં ખુબ વ્યસ્ત રહેતી હોવાથી અનડિટેકટ ગુનાઓનું લીસ્ટ લાંબુ થતું ગયું છે. ઘણા ખુન, ઘરફોડ, ચોરી, લુંટ ના ગુનાઓ હજુ ઉકેલાયા નથી. મોદી હવે દિલ્હી જતા ગાંધીનગર પોલીસનું બંદોબસ્તનું મોટું એક કામ નું ભારણ ઘટી ગયું છે. હવે આ કામગીરીમાંથી રાહત મેળવનાર પોલીસના સમયને અનડિટેકટ ગુનાઓના ડિટેક્શન માટે લગાવવામાં આવે તો ગાંધીનગરનો ક્રાઈમરેટ ઘટી જાય તો તેમાં બે મત નથી. પહેલા કોઈ પણ ગુનાનું ડિટેક્શન ન થાય તો સ્થાનિક પોલીસ મોદીના બંદોબસ્તમાં વ્યસ્ત હોવાથી તપાસ માટે સમય જ ન મળતો હોવાનું બહાનું આગળ ધરી દેતી હતી જો કે હવે તો પોલીસ પાસે બંદોબસ્તનું પણ બહાનું રહ્યું નથી.

ગાંધીનગર જિલ્લામાં ચેઈન સ્નેચિંગ અને વાહન ચોરી તથા મોબાઈલ અને લેપટોપ ચોરી જવા નાના-નાના ગુનાઓ તો સંખ્યાબંધ અનડિટેક્ટ પડ્યા છે. કેટલાય તો પોલીસ ચોપડે નોંધાયા પણ નથી. પરંતુ ખુબ જ ગંભીર -કારના કહી શકાય તેવા હત્યા, લુંટફાટ જેવા ગુનાઓ તથા મિલકત સંબંધી ઘરફોડ જેવા ગુનાઓ પણ ઘણા અનડિટેક્ટ પડ્યા છે. આ તમામ અનડિટેક્ટ ગુનાઓ પૈકી મોટા ભાગના ગુનાઓ પોલીસ વ્યસ્ત હોવાને કારણે તપાસ માટે સમય ન મળતો હોવાથી ઉકેલાતા ન હોવાની કેફિયત પોલીસ આપતી હતી. હવે પહેલા ગાંધીનગર પોલીસ જે કામમાં ખુબ વ્યસ્ત રહેતી હતી તે મોદીના રોડ બંદોબસ્તમાંથી છુટકારો પોલીસને મળી ગયો છે. તેનો અર્થ એ થયો કે ગાંધીનગર પોલીસ હવે અનડિટેક્ટ ગુનાઓ પાછળ હવે સમય નીકાળી શકે તેમ છે. અને હવે બંદોબસ્તમાં હોવાનું બહાનું પણ રહ્યું નથી. જો હવે મોટા ભાગની પોલીસને આ કામગીરીમાં લગાવી દેવામાં આવે તો ગાંધીનગરમાં ગુનાખોરીનું -માણ ઘટી જાય તે બાબત નકારી શકાય નહિ.

# દેશના પી.એમ. અને રાજયના પ્રથમ મહિલા સી.એમ.ને હાર્દિક શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૨૬

લોકસભાની ચૂંટણીમાં ભાજપને ઐતિહાસિક જીત અપાવી પ્રધાનમંત્રી બનનાર ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્રભાઈ મોદી અને રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલને સૌરભ સામાજીક વિકાસ સંસ્થાન દ્વારા શુભકામના પાઠવવામાં આવી છે. સંસ્થાના મહેન્દ્ર ચૌહાણ અને ઉષાબેન ચૌહાણે જણાવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈની આગેવાનીમાં દેશ વિકાસના શિખરો સર કરી મહાસત્તા મેળવે તેમજ વિકાસ પુરુષ નરેન્દ્રભાઈએ કરેલો ગુજરાતનો વિકાસ તેમના અનુગામી આનંદીબેન પટેલ બખુબી આગળ ધપાવે અને ગુજરાત રાષ્ટ્રીય સ્તરે નામના મેળવે તેવી હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

# સે. ૨ બાલા હનુમાન મંદિરે શનિજયંતિ મનાવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં બાલા હનુમાન મંદિર સેક્ટર-૨ ખાતે ધામધૂમપૂર્વક શનિશ્ચર જયંતિ ઉજવવામાં આવશે. તા. ૨૮ મે, બુધવાર અમાસના દિવસે સવારે ૯.૦૦ વાગે ઉજવાશે. સાંજે ૬.૦૦ વાગે શનિમહારાજનો વિધિવત યજ્ઞ અને રાત્રે ૮.૦૦ વાગે મહા-આરતી કરવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં સર્વે ભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ચિલોડા ખાતે સગર્ભા સ્ત્રી આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે મમતા કાર્ડ ધરાવતી સ્ત્રીઓની આરોગ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સગર્ભા સ્ત્રી આરોગ્ય ચકાસણીમાં એચ.બી. તપાસ, એચ.આઈ.વી. બ્લડ પ્રેસર વગેરે રોગોનું નિદાન કરવામાં આવ્યુ હતું. આ કેમ્પમાં ચિલોડા ગામની ૨૦ થી વધુ સગર્ભા સ્ત્રીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં પ્રાંતિયા સામુહિક આરોગ્ય કેન્દ્રના ડૉ. નીશાબેન પટેલ, શોભનાબેન પટેલ, સુવરવાઈઝર, ફીમેલ હેલ્થવર્કર ચિલોડાના કંચનબેન પટેલ તથા આશાવર્કર, આશા ફેશીલેટર કર્મચારીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગુડા વિસ્તારમાં ટપાલ વ્યવસ્થા ઝડપી બનાવવા બે પોસ્ટમેન મુકાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની ટપાલ વિતરણ વ્યવસ્થા અંગે આગામી દિવસોમાં સર્વે હાથ ધરવામાં આવશે. જયારે ગુડા વિસ્તારમાં યોગ્યરીતે અને સમયસર ટપાલ વિતરણ થાય તે માટે બે પોસ્ટમેનને ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત સેક્ટર-૭ અને ૮ માં પણ પોસ્ટ કચેરીની કામગીરીને પહોંચી વળવા વધુ મેનપાવર ઉપલબ્ધ કરવા ટૂંકમાં ગતિવિધિ હાથ ધરાશે.

ગાંધીનગરમાં પોસ્ટ કચેરીઓને સ્પર્શતા ને સંદર્ભે અગાઉ યોજાયેલી ડાક અદાલત દરમિયાન ડાક અધિક્ષક સમક્ષ નગરના આગેવાનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેના પરિણામ સ્વરૂપે ગુડા વિસ્તારમાં સમયસર અને ઝડપી ટપાલ સેવા ઉપલબ્ધ થાય તેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેર વસાહત મહામંડળના -મુખ અરુણ બુચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગુડા વિસ્તારના સરગાસણ અને કુડાસણમાં વિકાસની સાથે આમ નાગરિકોનો વસવાટ વધી ગયો છે. આવા સંજોગોમાં આ વિસ્તારના રહીશોને એક-એક મહિના સુધી ટપાલો મળતી નથી. જે રજુઆતને ધ્યાને લઈ ડાક અધિક્ષક અર્પણા ગોએલે સરગાસણ અને કુડાસણમાં ટપાલ વિતરણ વ્યવસ્થા માટે બે પોસ્ટમેનની સેવા ઉપલબ્ધ કરાવી છે. તેમજ આ વિસ્તારમાં ટપાલ વિતરણનું કામ ઝડપથી થાય તે અંગે પણ સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત સેક્ટર-૭ અને ૮ માં પણ પોસ્ટના ગ્રાહકોને પારાવાર હાડમારી વેઠવી પડતી હોવાની ફરિયાદો ઠવા પામી હતી. જેને ધ્યાને લઈ આ બંને જગ્યાએ કામનું ભારણ વધારે હોય તેવા દિવસોમાં વધારાના કર્મચારીઓની સેવા ઉપલબ્ધ કરવાની પણ વ્યવસ્થા ગોઠવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. વધુમાં આગામી દિવસોમાં સેક્ટરોમાં સ્થિત પોસ્ટ કચેરીઓ, ટપાલ વિતરણ વ્યવસ્થા તેમજ ફીલ્ડ ઓફિસરની કામગીરી અંગે પુનઃ ચકાસણી અને જરૂરી સર્વેનું કામ હાથ ધરવામાં આવશે તેમ પણ જણાવાયુ છે.







# ગ્રાહકો સાથેની સંવાદિતતા સુદ્રઢ બનાવવાનો ડીસીબી બેન્કનો અનોખો પ્રયાસ

ગાંધીનગરની ડીસીબી બેંક દ્વારા તેના ગ્રાહકો સાથેની સંવાદિતતા વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ અંતર્ગત ગ્રાહકોને અડાલજની વાવ અને ગાંધી આશ્રમ જેવા ઐતિહાસિક સ્થળોની સાથે સાથે વિન્ટેજ કાર સંગ્રહાલયની પણ મુલાકાત કરાવાઈ હતી. આ પ્રવાસ દરમ્યાન ગ્રાહકોને અમદાવાદની પ્રખ્યાત વિન્ટેજ વિલેજ રેસ્ટોરન્ટ ખાતે જમાડવામાં આવ્યા હતા. બેંક અને ગ્રાહક વચ્ચે આ પ્રયાસથી સંબંધો વધુ મજબૂત અને વિશ્વાસપૂર્ણ બને તે માટેનું આવકારદાયક પગલાને ડીસીબી બેન્કના ગ્રાહકોએ ઉત્સાહથી માણ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૨.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**
હીરોપંતી : ૧૦.૦૦ (રાત્રે)
**: સ્ક્રીન-૨ :**
કૌચયયાન ૩-ડીઃ ૧૨.૩૦
એક્સ મેન : ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
૩-ડી ગોડજીલા : ૫.૧૫
**: સ્ક્રીન-૩ :**
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન ૨-ડી (હિન્દી): ૩.૩૦, ૫.૪૫, ૧૦.૧૫
કૌચયયાન ૨-ડી (તમિલ) : ૮.૦૦
**: સ્ક્રીન-૪ :**
હીરોપંતી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**: સ્ક્રીન-૫ :**
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન : ૩.૩૦
હીરોપંતી : ૬.૪૫

### સિને મેક્સ

**: સ્ક્રીન-૧ :**
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૩૦,૪.૧૫,૭.૦૦,૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
કોચયયાન ૩ડી (હિન્દી):૯.૩૦,૩.૦૦,૫.૩૦,૧૦.૫૫
ગોડજીલા (૩-ડી) : ૧૨.૦૦
એક્સ-મેન : ૮.૦૦
**: સ્ક્રીન-૩ :**
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૧૦, ૬.૧૫, ૯.૨૦
**: સ્ક્રીન-૪ :**
હીરોપંતી : ૧૦.૧૫, ૧.૨૦, ૪.૨૫, ૭.૩૦, ૧૦.૩૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
કૌચદયાન : ૭.૦૦
**: સ્ક્રીન-૨ :**
ગોડજીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫,૧૦.૧૫
કૌચદયાન : ૭.૧૫
**: સ્ક્રીન-૩ :**
કૌચયયાન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હીરોપંતી : ૭.૩૦

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે.

**મિથુન** : પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : ઉદાર મનથી પરાક્રમ કરો, સંબંધીઓને કારણે તમારી કીર્તિ વધશે.કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

● સ્વ. આતાજી જવાનજી સોલંકી (ઉ.વ. ૭૦) મુ.પો. બોટાકીયા, તા. ડભોડા, જિ. ગાંધીનગર.